# પ્રશ્નપત્ર - 1
# ગુજરાતી ભાષા સજ્જતા

બેઠક નંબર : 170131

**સમય : 150 મિનિટ**

**કુલ ગુણ : 100**

સૂચના : (1) આ પ્રશ્નપત્રમાં કુલ 5 પ્રશ્નો છે. તમામ પ્રશ્નો ફરજિયાત છે. દરેક પ્રશ્નના 20 ગુણ છે.

(2) દરેક મુખ્ય પ્રશ્ન નવા પાના ઉપરથી શરૂ કરવો અને મુખ્ય પ્રશ્નના તમામ પેટા પ્રશ્નો સાથે લખવા.

**પ્રશ્ન - 1 નીચે આપેલા વિષય પર 250 થી 300 શબ્દોમાં નિબંધ લખો. (ગમે તે એક)** 20

(1) શિક્ષક સામેના સાંપ્રત પડકારો

(2) માનવ ઘડતરમાં શિક્ષણની ભૂમિકા

**પ્રશ્ન - 2 નીચે આપેલા ગદ્યમાંથી આશરે 1/3 ભાગમાં તમારા શબ્દોમાં સંક્ષેપ કરો.** 20

(1) સાહિત્ય આપણને બે પ્રકારે આનંદ આપે છે. એક તો સત્યને મનોહર રીતે રજૂ કરીને અને બીજું સત્યને ગોચર કરીને. સત્યને ગોચર કરવું - કરાવવું ઘણું ભારે કામ છે. હિમાલય તો શું, એક નાના ખાબોચિયાને પણ કવિ આપણી માનસિક દૃષ્ટિ આગળ ખડું કરે છે ત્યારે આપણને આનંદ થાય છે. ખાબોચિયાને આપણે ઘણીવાર જોયું હોય, પરંતુ તેને ભાષા દ્વારા જોવાથી કંઈક નવીનતા આવે છે. જેને મન આંખની ઈન્દ્રિયથી જોઈ શકે છે તેને જ જો ભાષાની ઈન્દ્રિયથી જોવામાં આવે તો મનને એક ઓરસ મળે છે. એ રીતે સાહિત્ય જાણે એક નવી ઈન્દ્રિય બનીને સમસ્ત જગતને આપણી પાસે નવા રૂપમાં રજૂ કરે છે. વળી તે ઉપરાંત પણ ભાષાનું એક વિશેષત્વ છે; તે માનવીની પોતાની બનાવટ છે. તે આપણા મનના ઢાળે ઘડાયેલી છે, અને આથી બહારના જે કોઈ પદાર્થને તે આપણી આગળ રજૂ કરે છે તેને વિશેષ રીતે માનવભાવે રંગીને રજૂ કરે છે. ભાષા જે ચિત્રો આંકે છે તે બધાં વાસ્તવિક હોય છે એટલા જ માત્ર કારણથી આપણો આદર પામતા નથી, પરંતુ ભાષા જાણે તેમનામાં માનવરસનો સંચાર કરે છે. આમ હોવાથી તે ચિત્રો આપણા હૃદય માટે નિકટનાં બની જાય છે. ચરાચર જગતને ભાષા દ્વારા માનવના ભીતરનું બનાવી લેવાથી તે આપણું અત્યંત નિકટનું થઈ ઊઠે છે.

**– રવીન્દ્રનાથ ટાગોર**

(2) લોકતંત્રના અનેક આધારો છે. એ બધામાં જો કોઈ એક મુખ્ય અને મહત્ત્વનો આધાર હોય તો તે પ્રત્યેક વ્યક્તિએ વિશાળ લોકસમુદાયના હિતમાં પોતાના અંગત સ્વાર્થ અને લાભ મેળવવાની દૃષ્ટિને જતી કરવી તે છે. જો આપણે આપણા સમગ્ર ઈતિહાસના વિશાળ ફલકનું ઊડતી નજરે અવલોકન કરીશું તોય એ જણાયા વિના નહીં રહે કે આપણા દેશમાં સારા-નરસાનો વિચાર કર્યા વિના બીજાનાં હિતોના ભોગે સ્વાર્થ સાધવાની વૃત્તિએ હંમેશાં સર્વનાશ નોતર્યો છે. આજે પણ આપણે શું જોઈએ છીએ ? નાનામોટા અમલદારો પોતાની જવાબદારી પ્રત્યે બેપરવા છે. જ્યાં જુઓ ત્યાં ઓછું કામ કરવાની ભાવના છે. કેળવણી પામેલા લોકોમાં પણ બીજાનું હિત વિચારવાની કે સમજવાની વૃત્તિ ક્યાં દેખાય છે ? આ બધું આખરે આપણને ક્યાં દોરી જશે ? આપણે ત્યાં લોકોનું રાજ્ય સ્થપાયું છે પણ એને માટેનો મજબૂત પાયો નંખાયો નથી એ એક વિવાદથી પર એવું સત્ય છે.

**– પંડિત સુખલાલજી**

**પ્રશ્ન - 3 આશરે 100 શબ્દોમાં પત્રલેખન કરો.** 20

(1) તરુણાવસ્થામાં પ્રવેશી રહેલા તમારા ભત્રીજાને જન્મદિન નિમિત્તે આશીર્વાદ અને સંદેશ આપતો પત્ર લખો.

(2) તમારી મોટી બહેનને ચિકિત્સા મહાવિદ્યાલયમાં પ્રવેશ મળી ગયો છે. તેની આ સફળતા માટેનો અભિનંદન પત્ર લખો.

**પ્રશ્ન - 4 નીચે આપેલા વિષય ઉપર વર્તમાન પત્રમાં પ્રકાશિત કરવા આશરે 150 શબ્દોમાં ચર્ચાપત્ર લખો.** **20**

(1) યુવાપેઢીમાં વાચનશોખનું જતન

(2) પોતાના શહેરને સ્વચ્છ રાખવાની જવાબદારી કોની ? વહીવટી તંત્રની કે નાગરિકોની ?

**પ્રશ્ન - 5 સુચવ્યા મુજબ કરો.** **20**

(1) રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.

(અ) તુરિયાનો તાર જાગી ઊઠવો

(બ) નવ નેજાં પડવાં

(2) કહેવતનો અર્થ લખો.

(અ) સસ્તુ ભાડું ને સિદ્ધપુરની જાત્રા

(બ) બાર ભૈયા અને તેર ચોકા

(3) સમાસનો વિગ્રહ કરી તેનો પ્રકાર જણાવો.

(અ) અંગરખું

(બ) પત્રચેષ્ઠા

(4) નીચે આપેલી પંક્તિમાંનો છંદ ઓળખાવો.

(અ) માન મળ્યું મોટું પણ, નહિ અભિમાન ઉર,
જાણે મહા જોગીરાજ જગતમાં જાગિયો.

(બ) ચાતક ચકવા ચતુર નર, પ્રતિદિન ફરે ઉદાસ;
ખર ઘૂવડને મૂર્ખ જન, સુખે સુવે નિજ વાસ.

(5) નીચે આપેલી પંક્તિઓમાંના અલંકાર ઓળખાવો.

(અ) વિદ્યા ભણ્યો જેહ, તેહ ઘેર વૈભવ રૂડો.

(બ) કમલવત્ ગણીને બાલના ગાલ રાતા,
રવિ નિજ કર તેની ઉપર ફેરવે છે.

(6) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(અ) ઘોડા, બળદ વગેરેને ખાવા માટે અપાતું અનાજ

(બ) નદીના કાંકરાવાળી જાડી રેતી

(7) નીચે આપેલા શબ્દોની જોડણી સુધારીને લખો.

(અ) પિયુષ

(બ) ગુરૂત્વ

(8) નીચે આપેલાં વાક્યોને ભાષાકીય રીતે શુદ્ધ રૂપમાં લખો.

(અ) સિહણ અને તેનું બચ્ચું પાંજરામાં પુરાયા.

(બ) અહિ ચાર રસ્તાનું મિલન થાય છે.

(9) નીચે આપેલા શબ્દોનો સંધિવિગ્રહ કરો.

(અ) ચતુષ્પાદ

(બ) ષડાનન

(10) નીચે આપેલાં વાક્યોનું કૌંસમાં આપેલ સૂચના મુજબ વાક્યમાં રૂપાંતર કરો.

(અ) મામાએ ભાણેજને ઘોડી પરથી નીચે ઉતાર્યો. (કર્તરિ વાક્યમાં રૂપાંતર કરો.)

(બ) દીદી અહીં નહીં આવે. (ભાવે વાક્યમાં રૂપાંતર કરો.)

◆◆◆